# K-40 નંબરની દુકાન પર જથ્થો ઝડપી પડાયો છતાં સીલ કેમ નહીં?

**રાતોરાત** ગેરકાયદે અનાજ ખસેડાયાની ચર્ચા, સીસીટીવી તપાસ થાય તો મોટું કૌભાંડ બહાર આવવાની શક્યતા

સુરત : સુરત શહેરમાં કે-40 નંબરની દુકાન પરથી મોટી માત્રામાં અનાજનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હોવા છતાં સંબંધિત અધિકારીઓ દ્વારા દુકાનને સીલ ન કરાતા અનેક પ્રશ્નો ઊભા થયા છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, કાર્યવાહી બાદ દુકાનને તાત્કાલિક સીલ કરવાની જગ્યાએ અનાજ સગેવગે કરવાની છૂટ આપવામાં આવી હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, જે દિવસે ટીમ દ્વારા અનાજનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો, તે જ દિવસની રાત્રે દુકાનમાં રહેલું ગેરકાયદે અનાજ સગેવગે કરી દેવામાં આવ્યું હતું. જો આસપાસના સીસીટીવી કેમેરાની તપાસ કરવામાં આવે તો આખી હકીકત સામે આવી શકે તેવી ચર્ચા છે. સ્થાનિક લોકોમાં ચર્ચા છે કે સીસીટીવી ફૂટેજ ચકાસવામાં આવે તો આ સમગ્ર મામલે મોટું કૌભાંડ બહાર આવી શકે છે. આ કેસ વચ્ચે દોઢ વર્ષ પહેલાનો એક બનાવ પણ ફરી ચર્ચામાં આવ્યો છે. પાંડેસરા GIDC વિસ્તારમાં ગેરકાયદે અનાજ ભરેલો ટેમ્પો એક જાગૃત નાગરિક દ્વારા ઝડપી પાડવામાં આવ્યો હતો. તે વખતે પોલીસે કોઈ નોંધપાત્ર કાર્યવાહી કરી ન હોવાના આક્ષેપો થયા હતા. પછીના દિવસે સવારે તે ટેમ્પોને ઉધના ઝોન કચેરી, ભેસ્તાન ખાતે જમા કરાવવામાં આવ્યો હતો. ઝોનમાં ફરજ બજાવતા બલદાણીયા દ્વારા ‘તપાસ’ના નામે બે દિવસ સુધી અનાજ સાથે ટેમ્પો જપ્ત રાખવામાં આવ્યો હતો. બાદમાં સેટિંગ કરીને અનાજ અન્ય દુકાનમાં જમા કરાવી ટેમ્પોને છોડી મુકાયો હતો. હાલ તે અનાજ પણ અધિકારીઓના આશીર્વાદથી સગેવગે કરી દેવામાં આવ્યું હોવાની ચર્ચા છે. હાલ કે 40 નંબરની દુકાનની તપાસ પણ બલદાણીયા જ કરી રહ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. સાથે જ આ દુકાનના સમગ્ર મામલે હિમાંશુની સંડોવણી હોવાનો પણ આક્ષેપ છે. આ સમગ્ર ઘટનાક્રમને લઈને શહેરમાં પારદર્શક અને નિષ્પક્ષ તપાસની માંગ ઉઠી છે. જો સમયસર અને કડક પગલાં લેવામાં આવે તથા સીસીટીવી ફૂટેજ અને જપ્તી પ્રક્રિયાની સંપૂર્ણ ચકાસણી કરવામાં આવે તો સત્ય બહાર આવી શકે છે.

# સુરત પાસપોર્ટ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીથી ફફડાટ

**મેઈલ** કરનારની ચેન્નાઈ કનેક્શનની આશંકા

અફવા પગલે ઉધના પાસપોર્ટ ઓફિસે પણ પોલીસ કાફલો ખડકી દીધો

સુરતઃ પીપલોદમાં આવેલી પાસપોર્ટ ઓફિસને 12 વાગ્યે બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા સમગ્ર તંત્રમાં દોડધામ મચી ગઈ છે. આ ધમકી સત્તાવાર ઈમેલ દ્વારા આપવામાં આવી હતી, જેને પગલે સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને ઉમરા પોલીસ અને ડોગ સ્ક્વોડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે પાસપોર્ટ ઓફિસના ખૂણેખૂણા ચકાસ્યા હતા પરંતુ કોઈ શંકાસ્પદ ચીજ નહીં મળતા હાશકારો અનુભવ્યો હતો.

પાસપોર્ટ ઓફિસના સત્તાવાર ઈમેઈલ આઈડી પર આજે વહેલી સવારે અંદાજે 5 વાગ્યે એક ઈમેઈલ પ્રાપ્ત થયો હતો. આ મેઈલ સંપૂર્ણપણે અંગ્રેજી ભાષામાં લખાયેલો હતો અને તેમાં પાસપોર્ટ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ગંભીર ધમકી આપવામાં આવી હતી. ઓફિસ ખુલતાની સાથે જ જ્યારે આ મેઈલ ધ્યાને આવ્યો ત્યારે તાત્કાલિક ઉચ્ચ અધિકારીઓને જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને જોતા સુરત પોલીસ અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ તાત્કાલિક પીપલોદ સ્થિત પાસપોર્ટ ઓફિસ ખાતે પહોંચી ગઈ હતી. સુરક્ષાના ભાગરૂપે સમગ્ર બિલ્ડિંગને ખાલી કરાવી દેવામાં આવી હતી અને આસપાસના વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. ACP વિજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે, આજે સવારે 5:55 વાગ્યે રિજનલ પાસપોર્ટ ઓફિસ સુરતના મેઈલ એડ્રેસ પર એક મેઈલ આવેલો હતો અને એના પર એવું લખેલું હતું કે 12:10 વાગ્યે RDX નો બ્લાસ્ટ થશે, એટલે 11:00 વાગ્યા પહેલા આખી ઓફિસ ખાલી કરાવી દેજો, એવો એક મેસેજ આવેલો. બીજી તરફ ઉધના દરવાજાની પાસપોર્ટ ઓફિસે પણ મોટી માત્રામાં પોલીસ ખડકી દેવામાં આવી હતી.

## POCSOનો કેસ ચેન્નઈ સિવાય કોઈપણ રાજ્યમાં ચાલવો જોઈએ.. મેલ કરનારા આર. એન. શેખર

ચેન્નાઈનું કનેક્શન સુરતમાં નથી પણ એમની માંગણી એવી છે મેઈલ મુજબ કે ચેન્નાઈ સિવાય, તમિલનાડુ સિવાય બહાર કોઈ પણ જગ્યાએ ગુજરાત, આંધ્રપ્રદેશ, કેરલા કોઈ પણ જગ્યાએ આ કેસની તપાસ ચાલે. ઈ મેઈલ આર. એન. શેખર કરીને છે એના નામ ઉપરથી છે, કદાચ ફેક હોઈ શકે એ બાબતે અમારી તપાસ ચાલુ છે. POCSO નો કેસ છે એટલી ડિટેલ આપેલી છે ખાલી. કનેક્શન કાંઈ નથી ખાલી એમની ડિમાન્ડ એવી છે કે એ કેસ તમિલનાડુથી બહાર ચલાવવામાં આવે, નહીં તો સુરત પાસપોર્ટ ઓફિસને ઉડાવી દેવામાં આવશે.

## ઇમેઇલમાં પાકિસ્તાનના સાઇનાઇડનો ઉલ્લેખ

પાકિસ્તાનથી મેળવેલા 18 સાયનાઈડથી ભરેલા RDX IEDs (વિસ્ફોટકો) તમારા શહેરની તમામ RPO (પાસપોર્ટ ઓફિસ) કચેરીઓમાં પ્લાન્ટ કરવામાં આવ્યા છે, જે ટૂંક સમયમાં બ્લાસ્ટ થશે. બપોરે 12:15 વાગ્યા સુધીમાં તમામ RPO સ્ટાફને બહાર કાઢો (નાક ઢાંકીને)!

## 21 દિવસમાં સુમુલની ચૂંટણી, સીમાંકનનો નિર્ણય લઈ નહીં શકતાં

# ગુજરાત હાઈકોર્ટમાં સુરત કલેક્ટર સામે કન્ટેમ્પ્ટ પિટિશન દાખલ

**કઠોર** મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીની પિટિશન કોર્ટે સ્વીકારી

સુરતઃ સુમુલ ડેરીની ચૂંટણી અને સીમાંકન મામલે 21 દિવસમાં નિર્ણય લેવા ગુજરાત હાઈકોર્ટનો હુકમનો અનાદર કરવા માટે ગુજરાત હાઈકોર્ટ ગુરુવારે આવેલી કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ પિટિશન દાખલ કરી ડિવિઝન બેન્ચને પક્ષકારોને સાંભળવા અરજી એડમિટ કરી છે. જો કે, ડિવિઝન બેંચની નિયુક્તિ પછી જ મામલો કોર્ટ સમક્ષ તમામ પક્ષકારો રજૂ કરશે.

સુમુલ ડેરીના ચૂંટણી અધિકારી એવા સુરત કલેક્ટર દ્વારા 21 દિવસમાં ચૂંટણી અને સીમાંકન મામલે હાઈકોર્ટે આપેલા ચુકાદાનો અમલ નહીં કરતાં હાઈકોર્ટે અગાઉ પિટિશન કરનાર અને 21 દિવસનો તરફેણમાં હુકમ મેળવનાર કઠોર મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીના એડ્વોકેટ ડી.એ.સંખેસરાએ રજૂ કરેલી કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની પિટિશન હાઈકોર્ટે સ્વીકારી ડિવિઝન બેન્ચને આ મામલો સુપરત કર્યો છે. આ બેંચમાં સોમવારે ન્યાયાધીશોને મામલો સોંપાઈ શકે છે, એ પછી ફરિયાદી અને બચાવ પક્ષની દલીલો સાંભળવામાં આવી શકે છે. ગુજરાતના સહકારી ક્ષેત્રમાં ભાજપનાં બે જૂથ વચ્ચેનો તકરારમાં વડોદરા, અમરેલી જિલ્લાના અધિકારી પછી હાઈકોર્ટે સુરત કલેક્ટરને કોર્ટની અવમાનના કરવાનો મામલો દાખલ કર્યો છે.

જો કે, સૂત્રોએ જણાવ્યું હતું કે, નિર્ણય લેવામાં વિલંબ થવા માટે સુરત કલેક્ટર SIRની કામગીરી સહિત અન્ય કામોમાં વ્યસ્ત હોવા ઉપરાંત સુમુલ ડેરીના પેટા નિયમો મુજબ કાનૂની બાબતો સામે આવતાં તેઓએ નિર્ણય લેતા પહેલાં સરકારના સંબંધિત વિભાગોનું માર્ગદર્શન માંગ્યું હતું, પણ એમાં સ્પષ્ટ અહેવાલ મળવામાં વિલંબ થઈ રહ્યો છે. 21 દિવસમાં સીમાંકનની પ્રક્રિયા પૂર્ણ કરી સુમુલ ડેરીની વ્યવસ્થાપક કમિટીની ચૂંટણી કરાવવા ગુજરાત હાઈકોર્ટના આદેશની મુદત પૂર્ણ થઈ જતા પિટિશન કરનાર કઠોર દૂધ ઉત્પાદક મંડળી ફરી હાઈકોર્ટ પહોંચી છે. જો કે, હાઈકોર્ટના ચુકાદા પછી મળેલી લેખિત રજૂઆતોને લીધે કેટલાક ટેકનિકલ મુદ્દાઓ પ્રસ્તુત થતાં સુરત કલેક્ટર અને ચૂંટણી અધિકારી ડો.સૌરભ પારધીએ રાજ્યના કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગના ઉચ્ચ અધિકારી અને રાજ્ય રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ પાસે કાનૂની અભિપ્રાય સાથે માર્ગદર્શન માંગ્યું હોવાનું જાણવા મળ્યું છે.

# ગોડાદરામાં કાર અડફેટે બાઈકચાલકનું મોત

સુરતઃ મૂળ રાજસ્થાનના વતની 46 વર્ષીય રવિશંકર રમેશપ્રસાદ અટલ હાલ ગોડાદરાની નેચરવેલી રેસિડેન્સીમાં રહેતો હતો. રવિશંકર લિંબાયતના મહાપ્રભુનગર ખાતે ફેબ્રિકેશનની દુકાન ચલાવતો હતો. ગુરુવારે બપોરે રવિશંકર ઘરેથી જમી પરત બાઈક પર દુકાને જતો હતો. ત્યારે ગોડાદરા મિડાસ સ્ક્વેર પાસે રવિશંકરની બાઈકને સામેથી આવતા કાર ચાલકે અડફેટે લેતાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### શૌચાલયમાં બેસી...

અત્યંત ઓછી હોવાથી કન્ફર્મ ટિકિટ મળવી તો દૂરની વાત, પ્લેટફોર્મ પર ઊભા રહેવાની પણ જગ્યા નથી. મુસાફરોની હાલત અત્યંત દયનીય બની ગઈ છે. જનરલ કોચમાં ભીડ એટલી પ્રચંડ છે કે લોકો બારીઓ વાટે ટ્રેનમાં ઘૂસવા માટે મરણિયા પ્રયાસો કરી રહ્યા છે. જે નસીબદાર લોકોને ટ્રેનમાં જગ્યા મળે છે, તેમની હાલત પણ ગૂંગળામણ જેવી હોય છે. ટ્રેનની અંદર પગ મુકવાની પણ જગ્યા ન હોવાથી અનેક મુસાફરો ટ્રેનના શૌચાલયની અંદર અને શૌચાલયની બહારની ગંદકીમાં બેસીને 24 થી 30 કલાકની લાંબી મુસાફરી કરવા મજબૂર બન્યા છે. ઉધના રેલવે સ્ટેશન પર આજે સવારે 10:20 વાગ્યા ની તાપ્તી ગંગા એક્સપ્રેસ ટ્રેન પકડવા માટે આગલી રાત્રે લાઈનમાં ઊભા હતા. નાના બાળકો અને વૃદ્ધો સાથે આ શ્રમિકો 10 થી 12 કલાક સુધી ભૂખ્યા-તરસ્યા સ્ટેશનના પ્લેટફોર્મ પર રાત વિતાવે છે. તેમ છતાં, જ્યારે ટ્રેન આવે ત્યારે અફરાતફરી માં તેમને બેસવા માટે સીટ મળતી નથી. પરિણામે, સેંકડો કિલોમીટરની મુસાફરી તેઓ ટ્રેનના ગેટ પાસે લટકીને કે ઊભા રહીને કરવા તૈયાર થયા છે.

### સ્મીમેરમાં 85...

વર્ષોથી મ્યુનિસિપલ વેરારૂપે યોગદાન આપે છે, તે નાણાંથી જ હોસ્પિટલ અને મેડિકલ કોલેજનો વિકાસ થાય છે. છતાં, સુરતના જ વિદ્યાર્થીઓને પૂરતી તક ન મળવી એ શહેરના હિતને અનુકૂળ નથી. કાનૂની દૃષ્ટિએ પણ સ્થાનિક સ્વરાજ સંસ્થાઓ દ્વારા સંચાલિત અને નોન-ગ્રાન્ટેડ શૈક્ષણિક સંસ્થાઓમાં સ્થાનિક વિદ્યાર્થીઓને પ્રાથમિકતા આપવી અયોગ્ય ગણાતી નથી. અન્ય શહેરો અને રાજ્યોમાં પણ આવાં ઉદાહરણો જોવા મળે છે, જ્યાં કરદાતાઓના નાણાંથી ચાલતી સંસ્થાઓમાં સ્થાનિકોને અનામતનો લાભ આપવામાં આવે છે. ધારાશાસ્ત્રીઓએ જણાવ્યું કે આ મુદ્દો માત્ર પ્રવેશપ્રક્રિયા પૂરતો સીમિત નથી, પરંતુ તે શહેરના નાગરિકોના અધિકાર, ન્યાય અને હિત સાથે સંકળાયેલો છે. આથી રાજ્ય સરકાર અને મનપા શાસકોને લોકલ કોટા મુદ્દે પુનર્વિચાર કરી સીટોમાં વધારો કરવા અને શહેરના હિતમાં ન્યાયસભર નિર્ણય લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

### 70 નહીં, 85...

તેમના જ શહેરમાં અભ્યાસ કરવાની તક મળવી જ જોઈએ.
- મોન્ટી ચલિયાવાલા, સિનિયર એડ્વોકેટ

### સુરતના વિદ્યાર્થીઓને...

નથી. માત્ર કરદાતાઓના કરની આવકથી જ સ્મીમેર મેડિકલ કોલેજનો વહીવટ ચાલતો હોય, સુરતના વિદ્યાર્થીઓને ઉચ્ચ તબીબી શિક્ષણની તક પ્રાપ્ત થાય તે માટે જો ક્વોટાનો લાભ આપવાનો કોઈ ચૂક થઈ ગઈ હોય તો તે તુરંત સુધારીને શહેરના હિતમાં નિર્ણય લેવાવો જોઈએ. જેથી ઘરઆંગણે અભ્યાસની સુવિધા હોવા છતાં નિયમોનુસાર મેડિકલ સીટનો કોટા ન મળવાને કારણે વિદ્યાર્થીઓની કારકિર્દી બગડે નહીં. માત્ર સુરતમાં જ નહીં પણ દુનિયાના દરેક ખૂણે જે-તે શહેરના કરદાતાઓથી ચાલતી નોન ગ્રાન્ટેડ શાળા, કોલેજોમાં શહેરના વિદ્યાર્થીઓને અનામત બેઠકોનો લાભ મળે જ છે. તે રીતે સુરતના વિદ્યાર્થીઓ પણ આવી તકથી વંચિત ન રહેવા જોઈએ.
- પ્રણવ ઉપાધ્યાય, સિનિયર એડ્વોકેટ

### સુરત મ્યુનિસિપલ...

બાબત હતી અને તેનો મૂળ હેતુ સુરતના વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત તબીબી શિક્ષણ સાથે પ્રાથમિકતા આપવાનો હતો. પરંતુ આજે સ્થિતિ એવી ઊભી થઈ છે કે મનપા સંચાલિત હોસ્પિટલ અને મેડિકલ કોલેજ હોવા છતાં સુરતના જ વિદ્યાર્થીઓને યોગ્ય લાભ મળતો નથી. શહેરના નાગરિકો દ્વારા ચૂકવવામાં આવતાં મ્યુનિસિપલ વેરાથી ચાલતી સંસ્થા હોવા છતાં જો લોકલ વિદ્યાર્થીઓને પૂરતો હક ન મળે, તો તે સુરતની જનતા માટે દુઃખદ અને નકારાત્મક બાબત ગણાય. મ્યુનિસિપલ વેરાનો ન્યાયપૂર્ણ અને હિતલક્ષી ઉપયોગ થવો જોઈએ અને સુરતને તેનો સંપૂર્ણ લાભ મળવો જરૂરી છે. ‘ગુજરાતમિત્ર’ દ્વારા આ મુદ્દે ઉઠાવવામાં આવેલા આંદોલનને હું સમર્થન આપું છું. સરકાર અને શહેરના શાસકો સુરતના હિતને ધ્યાનમાં રાખીને યોગ્ય અને ન્યાયસભર નિર્ણય લેશે તેવી આશા અને વિશ્વાસ વ્યક્ત કરું છું.
- મનીષ પટેલ, સિનિયર એડ્વોકેટ

### ઘરના છોકરા...

સીટમાં વધારો કરવો જોઈએ. આ મુદ્દાને ઉઠાવી લોકહિતની વકાલાત કરવા બદલ ‘ગુજરાતમિત્ર’ને પણ અભિનંદન.
- સુનીલભાઈ જરીવાલા, સિનિયર એડ્વોકેટ

### રશ્મિકા મંદાનાના...

કાગળ પર દોરીને મોકલ્યો હતો અને ત્યારબાદ તેમણે મહેંદી મુકાવવા માટે સુરતની સોનમને ફાયનલ કરી દીધી હતી. તેમણે કહ્યું હતું કે રશ્મિકા મંદાનાએ કરણ તોરાનીએ ડિઝાઇન કરેલી સાડી પહેરી હતી અને તેમાં પણ લક્ષ્મી માતાની ડિઝાઇન હતી. તેમણે હજી તેમના હાથની મહેંદી હજી સુધી જાહેર કરી નથી.

### બીજા દિવસે...

પાલીસમાં જીવલેણ હથિયાર વડે હુમલો કરી હત્યાના પ્રયાસનો ગુનો નોંધી 40 આરોપીની ધરપકડ કરી છે. તમામ આરોપીઓને કોર્ટમાં રજૂ કરતા સરકાર પક્ષે મેહુલ દેસાઈ રજુવત કરી રિમાન્ડના મુદ્દાઓ રજૂ કરતા કોર્ટે આરોપીના આવતી કાલ સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે.

### બંધ પડેલી...

ક્ષેત્રમાં 1000 કરોડનું મૂડી રોકાણ કરીશું. ગવર્નમેન્ટ ઓફ ઘાના દ્વારા આ પ્રોજેક્ટ માટે ચર્ચા વિચારણા કરવા 20 માર્ચે ઘાના આવવા આમંત્રણ મળ્યું છે.એકવાર મામલો ફુલફીલ થાય તો અમારી કંપની એવિયેશન લાયસન્સ માટે અરજી કરશે.ચેમ્બરના પ્રવાસ દરમિયાન અમે પ્રેસિડેન્ટ ઓફ ઘાના અને મીનિસ્ટ્રી ઓફ ટ્રાન્સપોર્ટના મંત્રી,અધિકારી સાથે મિટિંગ કરી હતી. ઘાના એરવેઝે 2005 માં કામગીરી બંધ કરી દીધી હતી અને તેમના બધા વિમાનોને ગ્રાઉન્ડેડ કરવામાં આવ્યા હતા. અમે અમારી રુચિની અભિવ્યક્તિ સબમિટ કરી છે અને શક્યતા અભ્યાસ હાથ ધરી રહ્યા છીએ. પ્રસ્તાવિત રોકાણ તબક્કાવાર લાગુ કરવામાં આવશે.

વરુણ ચેતન કોન્ટ્રાક્ટરે વધુમાં જણાવ્યું હતું કે,”ઉડ્ડયન ઉપરાંત, કંપની ગિનીના અખાતમાં ઘાના અને નાઈજીરીયા વચ્ચે રો-રો ફેરી સેવા શરૂ કરવાની પણ શોધ કરી રહી છે. કોન્ટ્રાક્ટરે સમજાવ્યું કે બંને દેશો વચ્ચેનું વર્તમાન રોડ અંતર લગભગ 900 કિલોમીટર છે, જે દરિયાઈ જોડાણ દ્વારા અસરકારક રીતે 500 કિલોમીટરથી ઓછું કરી શકાય છે. “આનાથી વેપાર લોજિસ્ટિક્સમાં નોંધપાત્ર સુધારો થશે અને પરિવહન ખર્ચમાં ઘટાડો થશે. બિઝનેસને લગતી આ સંભાવના આગામી ત્રણ મહિનામાં સ્પષ્ટ થઈ જશે.

## વિધર્મી સાથે પ્રેમલગ્નની જીદ કરનાર પુત્રીનો કરુણ અંજામ

# પિતાએ ગળું દબાવી પુત્રીની હત્યા કરી અંતિમસંસ્કાર પણ કરી દીધાં!

**તિલકવાડાના** વજેરીયા ગામની ચોંકાવનારી ઘટના

**મોતની** ઘટના છુપાવવા માટે ખેંચ આવતાં મોત થયાનું પરિવારે તરકટ રચ્યું

રાજપીપળાઃ તિલકવાડાના વજેરીયા ગામે પિતાએ વિધર્મી સાથે પ્રેમલગ્નની જીદ કરનાર પોતાની જ ૨૨ વર્ષીય પુત્રીની ગળું દબાવી હત્યા કરી દીધી હતી. હત્યા કર્યા બાદ ગુનાને છુપાવવા માટે ખેંચ આવતાં પુત્રીનું મોત થયાનું તરકટ રચ્યું હતું. બાદ અંતિમસંસ્કાર પણ કરી દેવાયાં હતાં. પરંતુ પાપ છાપરે ચઢીને પોકારતાં અંતે ભાંડો ફૂટી ગયો હતો અને તિલકવાડા પોલીસે પિતાની ધરપકડ કરી હતી.

તિલકવાડાના વજેરીયા ગામે વાળંદ ફળિયામાં દશરથસિંહ ઉદેસિંહ ગોહિલ પરિવાર સાથે રહે છે. ગત તા.૨૧ ફેબ્રુઆરીએ વહેલી સવારે પુત્રી તેજસ્વીતાબેન ઘરેથી બહાર ગઈ હતી. પરત આવતાં પિતાએ પૂછપરછ કરી હતી કે, સવારે તને છોકરો જોવા આવવાનો છે. તું કેમ આવું કરે છે. આથી પુત્રીએ જણાવ્યું હતું કે, ‘તમે મારા ગમે ત્યાં લગ્ન કરાવશો પણ હું ત્યાં રહેવાની નથી. હું સલીમ સાથે જ લગ્ન કરવાની છું. આથી સમજાવવા છતાં તે ન માનતાં પિતા દશરથસિંહ ઉશ્કેરાઈ ગયા હતા અને આવેશમાં આવીને પોતાની પુત્રીનું ગળું દબાવી દીધું હતું. પુત્રીની માતા દક્ષાબેને વચ્ચે પડીને છોડાવવાનો પ્રયાસ કર્યો હોવા છતાં તેને બચાવી શકાઈ ન હતી.

હત્યા કર્યા બાદ ગુના પર પડદો પાડવા માટે આરોપીએ પરિવાર અને સગા-સંબંધીઓને એવી વાતો જણાવી હતી કે પુત્રીને ‘ખેંચ’ આવવાથી તેનું મૃત્યુ થયું છે. પુરાવાનો નાશ કરવાના ઈરાદે લાશને તાત્કાલિક કરનાળી નર્મદા નદીના ત્રિવેણી સંગમ ઘાટ ખાતે લઈ જઈ અંતિમસંસ્કાર પણ કરી દેવામાં આવ્યાં હતાં. જો કે, પોલીસ તપાસમાં સમગ્ર સત્ય બહાર આવતાં તિલકવાડા પોલીસે ગુનો નોંધી આરોપી પિતાની ધરપકડ કરી છે. આ કેસની વધુ તપાસ PSI ડી.એસ. ચૌધરી ચલાવી રહ્યા છે.

### લેબર ડિપાર્ટમેન્ટે...

પણ નથી મળ્યા. કામદારોની મુખ્ય માંગણીઓ કઇ કઇ છે તે પણ જાણી શકાયું નથી. જેથી એએમેનએનએસ કંપની કાગળો આપશે પછી વધુ વિગતો જાણવા મળશે.

## પીઆઇ પરમાર પાસેથી ગ્રેનેડ ઝૂંટવી તેમની ગાડીમાં નાંખ્યો હતો

તોફાનીઓએ પોલીસની ચાર ગાડીઓને ઘેરી લીધી હતી. જેમાં પોલીસ જવાનો હતા. જેથી પીઆઇ પરમાર ટોળુ વિખેરવા માટે હેન્ડગ્રેનેડ કાઢ્યો હતો. દરમિયાનમાં તોફાનીએ તેમના હાથમાંથી ગ્રેનેડ ઝુટવી લઇને પોલીસની વાનમાં જ ફેક્યો હતો.જેનાથી પીઆઇ અને પો.કો. વિજય ઘવાયા હતા.

## હજીરાની કંપનીમાં પોલીસનો ચાપતો બંદોબસ્ત

ગઇકાલે થયેલા ધમાલ બાદ હજીરાની એએમએનએસ અને એલ એન્ડ ટી કંપનીમાં મોટી સંખ્યામાં પોલીસ ખડકી દેવામાં આવ્યા હતા. એસઓજીની ટીમ ક્રાઈમ બ્રાન્ચ સહિતની પોલીસના કાફલાએ ગઇકાલે રાત્રે કોમ્બિંગ કર્યા હતું.જે બાદ આજે શુક્રવારે સવારથી જ બંને કંપનીમાં એસઓજી ડીસીપી રાજદિપસિંહ નકુમ પોલીસ કાફલા સાથે પહોંચી ગયા હતા. અને બંને કંપનીમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. સવારથી જ ફરી એએમએનએસ કંપનીના ગેટ પાસે અને એલએન્ડટી કંપનીમાં ગેટ નંબર 3 પર કામદારો મોટી સંખ્યામા એકત્ર થયા હતા. જોકે પોલીસ બંદોબસ્ત વચ્ચે મેનેજમેન્ટ એ કામદારો સાથે ચર્ચા કરીને મામલો થોડે પાડ્યો હતો. આખો દિવસ બંને કંપનીઓમાં હાલ પરિસ્થિત કાબુમા છે.

## DCP સ્તરની ટીમો દ્વારા પ્લાન્ટમાં બંદોબસ્ત- પેટ્રોલિંગ

સ્થિતિ વધુ વણસે નહીં તે માટે પોલીસ કમિશનર દ્વારા અલગ-અલગ DCPની આગેવાનીમાં વિશેષ ટીમો બનાવવામાં આવી છે. હજીરાના તમામ ઔદ્યોગિક એકમો અને ખાસ કરીને L&T પ્લાન્ટની આસપાસ લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. પોલીસની ટીમો સતત પેટ્રોલિંગ કરી સ્થિતિ પર નજર રાખી રહી છે.

## વોટ્સએપ અને ટેલિગ્રામ પર પોલીસને ટાર્ગેટ કરવાના અને હિંસા ફેલાવવાના મેસેજ વાયરલ થયા

હિંસા પાછળ સોશિયલ મીડિયાનો મોટો હાથ હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. હરિયાણાના પાણીપતમાં થયેલા શ્રમિક આંદોલનના વીડિયો વ્હોટ્સએપ અને ટેલિગ્રામ ગ્રુપમાં વાઇરલ કરીને કર્મચારીઓને ઉશ્કેરવામાં આવ્યા હતા. પોલીસ તપાસમાં ખૂલ્યું છે કે આ ગ્રુપ્સમાં ખાસ કરીને પોલીસને ટારગેટ કરવા અને હિંસા ભડકાવવા માટેના મેસેજ ફરતા કરવામાં આવ્યા હતા. આથી હવે પોલીસ સાયબર સેલની મદદથી શંકાસ્પદ કર્મચારીઓના ઇન્સ્ટાગ્રામ, ફેસબુક અને વ્હોટ્સએપ ગ્રુપ પર બાજ નજર રાખી રહી છે. DCP શેફાલી બરવાલે નાગરિકોને અપીલ કરતાં જણાવ્યું હતું કે “હજીરાની ઘટનાને પગલે સોશિયલ મીડિયા પર અનેક અફવાઓ ફેલાવવામાં આવી રહી છે, જેના પર ધ્યાન ન આપવું. સુરત પોલીસનું સોશિયલ મીડિયા મોનિટરિંગ યુનિટ સક્રિય છે. જે કોઈપણ વ્યક્તિ ભડકાઉ પોસ્ટ મૂકશે અથવા અફવા ફેલાવશે તેની સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે.” હાલ સમગ્ર હજીરા પટ્ટી પર પોલીસ પેટ્રોલીંગ વધારી દેવામાં આવ્યું છે.


केनरा बैंक Canara Bank A Govt. of India Undertaking
सिंडिकेट Syndicate

ગીરગામ બ્રાન્ચઃ પી બી નં. 3582, પ્રાર્થના સમાજ બિલ્ડીંગ, 160, રાજા રામ મોહન રોય રોડ, ગીરગામ, મુંબઈ - 400004.
ઈમેલઃ cb0204@canarabank.com

**વેચાણ નોટિસ**

**સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ એક્ટ 2002 હેઠળ અને સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 8 (6) સાથે વાંચતા સ્થાવર મિલ્કતના વેચાણ માટે ઈ-હરાજીની નોટિસ**

આથી જાહેર જનતાને અને ખાસ કરીને દેવાદાર(રો) અને જામીનદાર(રો) ને નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણવેલી સ્થાવર મિલકતો જે સિક્યોર્ડ ક્રેડિટર પાસે ગીરો/ચાર્જ કરેલી છે, જેનો પ્રત્યક્ષ કબજો કેનેરા બેંકની ગીરગામ શાખાના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તેનું વેચાણ “જે છે જ્યાં છે”, “જે છે જેવું છે” અને “ત્યાં જે કંઈ પણ છે” ના ધોરણે તારીખ 06.04.2026 ના રોજ કરવામાં આવશે, જે દેવાદાર મેસર્સ દેવનંદન ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડ, તેના ડાયરેક્ટર શ્રી નાગજીભાઈ કાંજીભાઈ પટેલ અને શ્રીમતી સવિતાબેન નાગજીભાઈ પટેલ પાસેથી કેનેરા બેંક, ગીરગામ શાખાના લેણાં રૂ. 8,77,97,134.91 (અંકે રૂપિયા આઠ કરોડ સિત્યોતેર લાખ સત્તાણું હજાર એકસો ચોંત્રીસ અને પૈસા એકાણું ફક્ત) જે તારીખ 26.08.2025 ના રોજ બાકી છે, વત્તા 27.08.2025 થી તેના પર ચઢતું વ્યાજ અને દાવાના ખર્ચ અને અન્ય ખર્ચની વસૂલાત માટે કરવામાં આવશે.” (રૂ. લાખમાં)

| લોટ નં. | સીરીયલ નં. | મિલકતની વિગતો | રિઝર્વ પ્રાઇસ | EMD |
|---|---|---|---|---|
| 1 | 1. | ઓફિસ નં. 1A નો તમામ ભાગ અને પાર્સલ, ગ્રાઉન્ડ ફ્લોર પર, જેનું ક્ષેત્રફળ 131.80 ચોરસ ફૂટ બિલ્ટ અપ એરિયા છે, જે સ્થિત છે “શ્રીજી આર્કેડ” ઓફ શ્રીજી ચેમ્બર્સ ના નામે ઓળખાતા બિલ્ડિંગમાં, ટાટા રોડ નં. 1 અને 2 પર, ગીરગામ ડિવીઝન, શંકર શેઠ રોડ, મુંબઈ, જેનું બાંધકામ સીએસ નં. 8/1487 ધરાવતી જમીન પર ગીરગામ ડિવીઝન, મુંબઈ સિટીમાં કરેલું છે. રજિસ્ટ્રેશન જિલ્લો મુંબઈસિટી, મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફ ગ્રેટર મુંબઈના શેહરી મર્યાદામાં. મિલકત શ્રી નાગજીભાઈ કાંજીભાઈ પટેલ અને શ્રીમતી સવિતાબેન નાગજીભાઈ પટેલના નામે છે. સીઈઆરએસએઆઈ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ આઈડીઃ 400051892628 | 196.00 (લોટ 1, 2 અને 3 માટે સંયુક્ત) | 19.60 |
| | 2 | ઓફિસ નં. 1B નો તમામ ભાગ અને પાર્સલ, ગ્રાઉન્ડ ફ્લોર પર, જેનું ક્ષેત્રફળ 131.80 ચોરસ ફૂટ બિલ્ટ અપ એરિયા છે, જે સ્થિત છે “શ્રીજી આર્કેડ” ઓફ શ્રીજી ચેમ્બર્સમાં, ટાટા રોડ નં. 1 અને 2 પર, ગીરગામ ડિવીઝન, મુંબઈ, જેનું બાંધકામ સીએસ નં. 8/1487 ધરાવતી જમીન પર કરેલું છે. જિસ્ટ્રેશન જિલ્લો મુંબઈસિટી, મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફ ગ્રેટર મુંબઈના શેહરી મર્યાદામાં. મિલકત મેસર્સ હેતલ ડાયમંડ્સના નામે તેના ભાગીદાર શ્રી નાગજીભાઈ કાંજીભાઈ પટેલ મારફતે છે. સીઈઆરએસએઆઈ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ આઈડીઃ 400051892628 | | |
| | 3 | ઓફિસ નં. 1C નો તમામ ભાગ અને પાર્સલ, ગ્રાઉન્ડ ફ્લોર પર, જેનું ક્ષેત્રફળ 131.80 ચોરસ ફૂટ બિલ્ટ અપ એરિયા છે, જે સ્થિત છે “શ્રીજી આર્કેડ” ઓફ શ્રીજી ચેમ્બર્સમાં, ટાટા રોડ નં. 1 અને 2 પર, ગીરગામ ડિવીઝન, મુંબઈ, જેનું બાંધકામ સીએસ નં. 8/1487 પર કરેલું છે. જિસ્ટ્રેશન જિલ્લો મુંબઈસિટી, મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફ ગ્રેટર મુંબઈના શેહરી મર્યાદામાં. મિલકત શ્રી નાગજીભાઈ કાંજીભાઈ પટેલ (ભાગીદાર મેસર્સ શિલ્પા જેમ્સ) અને શ્રીમતી સવિતાબેન નાગજીભાઈ પટેલના નામે છે. સીઈઆરએસએઆઈ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ આઈડીઃ 400051892628 | | |
| (નોંધઃ કોમર્શિયલ ઓફિસ 1A, 1B અને 1C એકસાથે મર્જ કરેલી છે) | | | | |
| 2 | 4 | શોપ નં. 103 નો તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા જેનું ક્ષેત્રફળ 314.57 ચોરસ ફૂટ છે અને તેનું બિલ્ટ અપ એરિયા 18.55 ચોરસ મીટર છે, પહેલા માળે, જે સ્થિત છે “માર્વેલ પ્લાઝા” માં, પ્લોટ નં. 1-10 ધરાવતી જમીન પર ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર, જે 1222 ચોરસ યાર્ડને સમાન થાય છે અને કેજેપી બાદ બ્લોક નં. 443-બી-1 થી 443-બી-5 તરીકે જાણીતું છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર, ‘શિવ આવાસ કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2’ બ્લોક નં. 443 અને 444 ધરાવતી જમીન પર સ્થિત છે (રેવેન્યુ સર્વે નં. 476 અને 477), ગામ કામરેજ, પેટા જિલ્લા તાલુકા કામરેજ, જિલ્લો સુરત. મિલકત મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. સીઈઆરએસએઆઈ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ આઈડીઃ 400079559950 | 7.00 | 0.70 |
| 3 | 5 | શોપ નં. 210 નો તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા જેનું ક્ષેત્રફળ 372.90 ચોરસ ફૂટ છે અને તેનું બિલ્ટ અપ એરિયા 22.32 ચોરસ મીટર છે, બીજા માળે, જે સ્થિત છે “માર્વેલ પ્લાઝા” માં, પ્લોટ નં. 1-10 ધરાવતી જમીન પર ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર, જે 1222 ચોરસ યાર્ડને સમાન થાય છે અને કેજેપી બાદ બ્લોક નં. 443-બી-1 થી 443-બી-5 તરીકે જાણીતું છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર, ‘શિવ આવાસ કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2’ બ્લોક નં. 443 અને 444 ધરાવતી જમીન પર સ્થિત છે (રેવેન્યુ સર્વે નં. 476 અને 477), ગામ કામરેજ, પેટા જિલ્લા તાલુકા કામરેજ, જિલ્લો સુરત. મિલકત મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. સીઈઆરએસએઆઈ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ આઈડીઃ 400079559950 | 6.80 | 0.68 |
| 4 | 6 | શોપ નં. G-19 નો તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા જેનું ક્ષેત્રફળ 408.60 ચોરસ ફૂટ છે અને તેનું બિલ્ટ અપ એરિયા 23.81 ચોરસ મીટર છે, ગ્રાઉન્ડ ફ્લોર પર, જે સ્થિત છે “માર્વેલ પ્લાઝા” માં, પ્લોટ નં. 1-10 ધરાવતી જમીન પર ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર, જે 1222 ચોરસ યાર્ડને સમાન થાય છે અને કેજેપી બાદ બ્લોક નં. 443-બી-1 થી 443-બી-5 તરીકે જાણીતું છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર, ‘શિવ આવાસ કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2’ બ્લોક નં. 443 અને 444 ધરાવતી જમીન પર સ્થિત છે (રેવેન્યુ સર્વે નં. 476 અને 477), ગામ કામરેજ, પેટા જિલ્લા તાલુકા કામરેજ, જિલ્લો સુરત. મિલકત મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. સીઈઆરએસએઆઈ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ આઈડીઃ 400079557373 | 14.80 | 1.48 |
| 5 | 7 | શોપ નં. G-24 નો તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા જેનું ક્ષેત્રફળ 372.90 ચોરસ ફૂટ છે અને તેનું બિલ્ટ અપ એરિયા 21.13 ચોરસ મીટર છે, ગ્રાઉન્ડ ફ્લોર પર, જે સ્થિત છે “માર્વેલ પ્લાઝા” માં, પ્લોટ નં. 1-10 ધરાવતી જમીન પર ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર, જે 1222 ચોરસ યાર્ડને સમાન થાય છે અને કેજેપી બાદ બ્લોક નં. 443-બી-1 થી 443-બી-5 તરીકે જાણીતું છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર, ‘શિવ આવાસ કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2’ બ્લોક નં. 443 અને 444 ધરાવતી જમીન પર સ્થિત છે (રેવેન્યુ સર્વે નં. 476 અને 477), ગામ કામરેજ, પેટા જિલ્લા તાલુકા કામરેજ, જિલ્લો સુરત. મિલકત મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. સીઈઆરએસએઆઈ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ આઈડીઃ 400079557373 | 13.50 | 1.35 |
| 6 | 8 | શોપ નં. 217 નો તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા જેનું ક્ષેત્રફળ 310.69 ચોરસ ફૂટ છે અને તેનું બિલ્ટ અપ એરિયા 18.15 ચોરસ મીટર છે, બીજા માળે, જે સ્થિત છે “માર્વેલ પ્લાઝા” માં, પ્લોટ નં. 1-10 ધરાવતી જમીન પર ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર, જે 1222 ચોરસ યાર્ડને સમાન થાય છે અને કેજેપી બાદ બ્લોક નં. 443-બી-1 થી 443-બી-5 તરીકે જાણીતું છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર, ‘શિવ આવાસ કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2’ બ્લોક નં. 443 અને 444 ધરાવતી જમીન પર સ્થિત છે (રેવેન્યુ સર્વે નં. 476 અને 477), ગામ કામરેજ, પેટા જિલ્લા તાલુકા કામરેજ, જિલ્લો સુરત. મિલકત મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. સીઈઆરએસએઆઈ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ આઈડીઃ 400079559950 | 5.60 | 0.56 |
| 7 | 9 | શોપ નં. 101 નો તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા જેનું ક્ષેત્રફળ 727.60 ચોરસ ફૂટ છે અને તેનું બિલ્ટ અપ એરિયા 43.33 ચોરસ મીટર છે, પહેલા માળે, જે સ્થિત છે “માર્વેલ પ્લાઝા” માં, પ્લોટ નં. 1-10 ધરાવતી જમીન પર ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર, જે 1222 ચોરસ યાર્ડને સમાન થાય છે અને કેજેપી બાદ બ્લોક નં. 443-બી-1 થી 443-બી-5 તરીકે જાણીતું છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર, ‘શિવ આવાસ કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2’ બ્લોક નં. 443 અને 444 ધરાવતી જમીન પર સ્થિત છે (રેવેન્યુ સર્વે નં. 476 અને 477), ગામ કામરેજ, પેટા જિલ્લા તાલુકા કામરેજ, જિલ્લો સુરત. મિલકત મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. સીઈઆરએસએઆઈ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ આઈડીઃ 400079559950 | 17.50 | 1.75 |
| 8 | 10 | શોપ નં. 302 નો તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા જેનું ક્ષેત્રફળ 2353.24 ચોરસ ફૂટ છે અને તેનું બિલ્ટ અપ એરિયા 136.00 ચોરસ મીટર છે, ત્રીજા માળે, જે સ્થિત છે “માર્વેલ પ્લાઝા” માં, પ્લોટ નં. 1-10 ધરાવતી જમીન પર ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર, જે 1222 ચોરસ યાર્ડને સમાન થાય છે અને કેજેપી બાદ બ્લોક નં. 443-બી-1 થી 443-બી-5 તરીકે જાણીતું છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર, ‘શિવ આવાસ કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2’ બ્લોક નં. 443 અને 444 ધરાવતી જમીન પર સ્થિત છે (રેવેન્યુ સર્વે નં. 476 અને 477), ગામ કામરેજ, પેટા જિલ્લા તાલુકા કામરેજ, જિલ્લો સુરત. મિલકત મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. સીઈઆરએસએઆઈ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ આઈડીઃ 400079559950 | 35.80 | 3.58 |
| 9 | 11 | શોપ નં. 208 નો તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા જેનું ક્ષેત્રફળ 372.90 ચોરસ ફૂટ છે અને તેનું બિલ્ટ અપ એરિયા 21.93 ચોરસ મીટર છે, બીજા માળે, જે સ્થિત છે “માર્વેલ પ્લાઝા” માં, પ્લોટ નં. 1-10 ધરાવતી જમીન પર ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર, જે 1222 ચોરસ યાર્ડને સમાન થાય છે અને કેજેપી બાદ બ્લોક નં. 443-બી-1 થી 443-બી-5 તરીકે જાણીતું છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર, ‘શિવ આવાસ કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2’ બ્લોક નં. 443 અને 444 ધરાવતી જમીન પર સ્થિત છે (રેવેન્યુ સર્વે નં. 476 અને 477), ગામ કામરેજ, પેટા જિલ્લા તાલુકા કામરેજ, જિલ્લો સુરત. મિલકત મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. સીઈઆરએસએઆઈ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ આઈડીઃ 400079559950 | 6.80 | 0.68 |
| 10 | 12 | શોપ નં. 218 નો તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા જેનું ક્ષેત્રફળ 310.69 ચોરસ ફૂટ છે અને તેનું બિલ્ટ અપ એરિયા 18.15 ચોરસ મીટર છે, બીજા માળે, જે સ્થિત છે “માર્વેલ પ્લાઝા” માં, પ્લોટ નં. 1-10 ધરાવતી જમીન પર ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર, જે 1222 ચોરસ યાર્ડને સમાન થાય છે અને કેજેપી બાદ બ્લોક નં. 443-બી-1 થી 443-બી-5 તરીકે જાણીતું છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર, ‘શિવ આવાસ કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2’ બ્લોક નં. 443 અને 444 ધરાવતી જમીન પર સ્થિત છે (રેવેન્યુ સર્વે નં. 476 અને 477), ગામ કામરેજ, પેટા જિલ્લા તાલુકા કામરેજ, જિલ્લો સુરત. મિલકત મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. સીઈઆરએસએઆઈ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ આઈડીઃ 400079559950 | 5.60 | 0.56 |
| 11 | 13 | શોપ નં. G-25 નો તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા જેનું ક્ષેત્રફળ 372.90 ચોરસ ફૂટ છે અને તેનું બિલ્ટ અપ એરિયા 22.32 ચોરસ મીટર છે, ગ્રાઉન્ડ ફ્લોર પર, જે સ્થિત છે “માર્વેલ પ્લાઝા” માં, પ્લોટ નં. 1-10 ધરાવતી જમીન પર ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર, જે 1222 ચોરસ યાર્ડને સમાન થાય છે અને કેજેપી બાદ બ્લોક નં. 443-બી-1 થી 443-બી-5 તરીકે જાણીતું છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર, ‘શિવ આવાસ કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2’ બ્લોક નં. 443 અને 444 ધરાવતી જમીન પર સ્થિત છે (રેવેન્યુ સર્વે નં. 476 અને 477), ગામ કામરેજ, પેટા જિલ્લા તાલુકા કામરેજ, જિલ્લો સુરત. મિલકત મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. સીઈઆરએસએઆઈ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ આઈડીઃ 400079557373 | 13.50 | 1.35 |
| 12 | 14 | શોપ નં. G-03 નો તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા જેનું ક્ષેત્રફળ 412.48 ચોરસ ફૂટ છે અને તેનું બિલ્ટ અપ એરિયા 23.78 ચોરસ મીટર છે, ગ્રાઉન્ડ ફ્લોર પર, જે સ્થિત છે “માર્વેલ પ્લાઝા” માં, પ્લોટ નં. 1-10 ધરાવતી જમીન પર ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર, જે 1222 ચોરસ યાર્ડને સમાન થાય છે અને કેજેપી બાદ બ્લોક નં. 443-બી-1 થી 443-બી-5 તરીકે જાણીતું છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર, ‘શિવ આવાસ કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2’ બ્લોક નં. 443 અને 444 ધરાવતી જમીન પર સ્થિત છે (રેવેન્યુ સર્વે નં. 476 અને 477), ગામ કામરેજ, પેટા જિલ્લા તાલુકા કામરેજ, જિલ્લો સુરત. મિલકત મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. સીઈઆરએસએઆઈ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ આઈડીઃ 400079557373 | 16.50 | 1.65 |
| 13 | 15 | શોપ નં. 303 નો તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા જેનું ક્ષેત્રફળ 2265.38 ચોરસ ફૂટ છે અને તેનું બિલ્ટ અપ એરિયા 129.69 ચોરસ મીટર છે, ત્રીજા માળે, જે સ્થિત છે “માર્વેલ પ્લાઝા” માં, પ્લોટ નં. 1-10 ધરાવતી જમીન પર ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર, જે 1222 ચોરસ યાર્ડને સમાન થાય છે અને કેજેપી બાદ બ્લોક નં. 443-બી-1 થી 443-બી-5 તરીકે જાણીતું છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર, ‘શિવ આવાસ કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2’ બ્લોક નં. 443 અને 444 ધરાવતી જમીન પર સ્થિત છે (રેવેન્યુ સર્વે નં. 476 અને 477), ગામ કામરેજ, પેટા જિલ્લા તાલુકા કામરેજ, જિલ્લો સુરત. મિલકત મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. સીઈઆરએસએઆઈ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ આઈડીઃ 400079559950 | 34.50 | 3.45 |
| 14 | 16 | શોપ નં. 301 નો તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા જેનું ક્ષેત્રફળ 1571.99 ચોરસ ફૂટ છે અને તેનું બિલ્ટ અપ એરિયા 92.49 ચોરસ મીટર છે, ત્રીજા માળે, જે સ્થિત છે “માર્વેલ પ્લાઝા” માં, પ્લોટ નં. 1-10 ધરાવતી જમીન પર ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર, જે 1222 ચોરસ યાર્ડને સમાન થાય છે અને કેજેપી બાદ બ્લોક નં. 443-બી-1 થી 443-બી-5 તરીકે જાણીતું છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર, ‘શિવ આવાસ કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2’ બ્લોક નં. 443 અને 444 ધરાવતી જમીન પર સ્થિત છે (રેવેન્યુ સર્વે નં. 476 અને 477), ગામ કામરેજ, પેટા જિલ્લા તાલુકા કામરેજ, જિલ્લો સુરત. મિલકત મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. સીઈઆરએસએઆઈ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ આઈડીઃ 400079559950 | 23.90 | 2.39 |
| 15 | 17 | શોપ નં. 209 નો તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા જેનું ક્ષેત્રફળ 372.90 ચોરસ ફૂટ છે અને તેનું બિલ્ટ અપ એરિયા 21.93 ચોરસ મીટર છે, બીજા માળે, જે સ્થિત છે “માર્વેલ પ્લાઝા” માં, પ્લોટ નં. 1-10 ધરાવતી જમીન પર ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર, જે 1222 ચોરસ યાર્ડને સમાન થાય છે અને કેજેપી બાદ બ્લોક નં. 443-બી-1 થી 443-બી-5 તરીકે જાણીતું છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર, ‘શિવ આવાસ કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2’ બ્લોક નં. 443 અને 444 ધરાવતી જમીન પર સ્થિત છે (રેવેન્યુ સર્વે નં. 476 અને 477), ગામ કામરેજ, પેટા જિલ્લા તાલુકા કામરેજ, જિલ્લો સુરત. મિલકત મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. સીઈઆરએસએઆઈ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ આઈડીઃ 400079559950 | 6.80 | 0.68 |
| 16 | 18 | શોપ નં. 121 નો તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા જેનું ક્ષેત્રફળ 358.87 ચોરસ ફૂટ છે અને તેનું બિલ્ટ અપ એરિયા 21.53 ચોરસ મીટર છે, પહેલા માળે, જે સ્થિત છે “માર્વેલ પ્લાઝા” માં, પ્લોટ નં. 1-10 ધરાવતી જમીન પર ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર, જે 1222 ચોરસ યાર્ડને સમાન થાય છે અને કેજેપી બાદ બ્લોક નં. 443-બી-1 થી 443-બી-5 તરીકે જાણીતું છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર, ‘શિવ આવાસ કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2’ બ્લોક નં. 443 અને 444 ધરાવતી જમીન પર સ્થિત છે (રેવેન્યુ સર્વે નં. 476 અને 477), ગામ કામરેજ, પેટા જિલ્લા તાલુકા કામરેજ, જિલ્લો સુરત. મિલકત મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. સીઈઆરએસએઆઈ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ આઈડીઃ 400079559950 | 7.20 | 0.72 |
| 17 | 19 | શોપ નં. 201 નો તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા જેનું ક્ષેત્રફળ 727.60 ચોરસ ફૂટ છે અને તેનું બિલ્ટ અપ એરિયા 43.33 ચોરસ મીટર છે, બીજા માળે, જે સ્થિત છે “માર્વેલ પ્લાઝા” માં, પ્લોટ નં. 1-10 ધરાવતી જમીન પર ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર, જે 1222 ચોરસ યાર્ડને સમાન થાય છે અને કેજેપી બાદ બ્લોક નં. 443-બી-1 થી 443-બી-5 તરીકે જાણીતું છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર, ‘શિવ આવાસ કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2’ બ્લોક નં. 443 અને 444 ધરાવતી જમીન પર સ્થિત છે (રેવેન્યુ સર્વે નં. 476 અને 477), ગામ કામરેજ, પેટા જિલ્લા તાલુકા કામરેજ, જિલ્લો સુરત. મિલકત મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. સીઈઆરએસએઆઈ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ આઈડીઃ 400079559950 | 13.10 | 1.31 |
| 18 | 20 | શોપ નં. 206 નો તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા જેનું ક્ષેત્રફળ 476.65 ચોરસ ફૂટ છે અને તેનું બિલ્ટ અપ એરિયા 28.21 ચોરસ મીટર છે, બીજા માળે, જે સ્થિત છે “માર્વેલ પ્લાઝા” માં, પ્લોટ નં. 1-10 ધરાવતી જમીન પર ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર, જે 1222 ચોરસ યાર્ડને સમાન થાય છે અને કેજેપી બાદ બ્લોક નં. 443-બી-1 થી 443-બી-5 તરીકે જાણીતું છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર, ‘શિવ આવાસ કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2’ બ્લોક નં. 443 અને 444 ધરાવતી જમીન પર સ્થિત છે (રેવેન્યુ સર્વે નં. 476 અને 477), ગામ કામરેજ, પેટા જિલ્લા તાલુકા કામરેજ, જિલ્લો સુરત. મિલકત મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. સીઈઆરએસએઆઈ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ આઈડીઃ 400079559950 | 8.60 | 0.86 |
| 19 | 21 | શોપ નં. 122 નો તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા જેનું ક્ષેત્રફળ 358.87 ચોરસ ફૂટ છે અને તેનું બિલ્ટ અપ એરિયા 21.13 ચોરસ મીટર છે, પહેલા માળે, જે સ્થિત છે “માર્વેલ પ્લાઝા” માં, પ્લોટ નં. 1-10 ધરાવતી જમીન પર ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર, જે 1222 ચોરસ યાર્ડને સમાન થાય છે અને કેજેપી બાદ બ્લોક નં. 443-બી-1 થી 443-બી-5 તરીકે જાણીતું છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર, ‘શિવ આવાસ કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2’ બ્લોક નં. 443 અને 444 ધરાવતી જમીન પર સ્થિત છે (રેવેન્યુ સર્વે નં. 476 અને 477), ગામ કામરેજ, પેટા જિલ્લા તાલુકા કામરેજ, જિલ્લો સુરત. મિલકત મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. સીઈઆરએસએઆઈ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ આઈડીઃ 400079559950 | 7.20 | 0.72 |

“અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) તારીખ 06.04.2026 ના રોજ અથવા તે પહેલા સવારે 09:30 વાગ્યા સુધીમાં જમા કરાવવાની રહેશે. મિલકતનું નિરીક્ષણ અધિકૃત અધિકારીની પૂર્વ પરવાનગી લઈને તારીખ 25.03.2026 ના રોજ કેનેરા બેંક, ગીરગામ શાખા ખાતે સવારે 11:00 થી સાંજના 04:00 વાગ્યા દરમિયાન કરી શકાશે. બેંકની જાણકારી મુજબ ઉપરની મિલકત પર કોઈ જાણીતા બોજા (encumbrances) નથી. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે કૃપા કરીને કોમન વેબ પોર્ટલ મેસર્સ PSB એલાયન્સ (બેન્ક નેટ) કોન્ટેક નં. 8291220220, 7046612345, 6354910172, 9892219848, 8160205051, ઇ-મેલ support.BAANKNET@psballiance.com, https://baanknet.com/, or કેનેરા બેન્કસ વેબ સાઇટ www.canarabank.com, અને મારો કોન્ટેક્ટ મેનેજર કેનેરા બેન્ક ગુરૂગ્રામ બ્રાન્ચ 8169845618 / 9410316322 / 8655918379 / 8527092652 ઓફીસના કાર્યકાળ દરમિયાન મુલાકાત લઇ શકાશે.

તારીખઃ 25-2-2026 સહી/-
સ્થળઃ મુંબઈ અધિકૃત અધિકારી, કેનેરા બેન્ક